# ભૂમિકા

સહસ્રશીર્ષા સહસ્રપાદા એવા પરમ પુરુષ કૃષ્ણની રાધિકા સાથેની સહસ્ર લીલાઓ અને સહસ્ર સ્વામીનીઓ સાથેની સહસ્ર લીલા ને અનુસરીને સહસ્ર નામ જ્યારે શ્રીવલ્લભાધીશે રચ્યા તેને પુરુષોત્તમ સહસ્ર નામ કહેવામાં આવે છે.

રૂપનામ વિભેદેન ક્રીડતિ યઃ એવા અવતારી કૃષ્ણનીલીલાના સહસ્રનામ પર શ્રી રઘુનાથચરણની નામ ચંદ્રિકા વ્યાખ્યા છે. આ ગ્રંથ શ્રી વલ્લભાધીશે પોતાના જયેષ્ઠ લાલજી શ્રી ગોપીનાથજી પર અત્યંત અલૌકિક પ્રેમને કારણે પ્રગટ કર્યો છે. શ્રીમહાપ્રભુજી એ પોતાના જયેષ્ઠલાલજી શ્રી ગોપીનાથજી પ્રતિદિવસના પૂરા શ્રીમદ્ભાગવત પાઠના મનોરથ ને સંપૂર્ણ કરવા આ ગ્રંથનું પ્રણયન કર્યુ છે. શ્રી ગોપીનાથજી સંપ્રદાયના દ્વિતીય આચાર્ય છે. વલ્લભ પ્રતિનિધિ તેજોરાશિ દયાર્ણવ ગુણાતીત ગુણનિધિ સ્વરૂપ છે. આ ગ્રંથ સમગ્ર શ્રીમદ્ ભાગવતનો સાર છે. આ ગ્રંથના પાઠથી સમગ્ર શ્રીમદ્ ભાગવત પાઠનું ફળ પ્રાપ્ત થાય છે. આ પાઠનું પ્રણયન કરી શ્રી વલ્લભ પોતાનું **"कृष्णनाम सहस्रस्य वक्ता"**નામનું પ્રકટ દર્શન કરાવ્યું છે. આ ગ્રંથ પુષ્પ પ્રાપ્ત કરવા બદલ આપણો શ્રી વલ્લભ અને શ્રી ગોપીનાથજીના ઋણી છીએ.

આ ગ્રંથ પ્રકાશન શ્રી વલ્લભના અનુગ્રહ અને અમારા પિતૃચરણ પુજય ગોસ્વામી શ્રી ચંદ્રગોપાલજી ના મંગલ આર્શીવાદથી શક્ય બન્યું છે. શ્રી ગોપીનાથજી ના કારણે આપણાને આ ગ્રંથ મળ્યો છે તે બદલ આપણે શ્રી મહાપ્રભુજી અને શ્રી ગોપીનાથજીના સદા ઋણી રહીશું.

**ગોસ્વામી કન્હૈયાલાલજી**
પંચમગૃહ વીરમગામ,
કંસુબા છઠ
વ્રજ-૨૦૫૯

**શ્રીનાથજી પાટોત્સવ**
**૨૦૬૩ મહાવદ સાતમ**

